**GJVD020019792005**

# વડોદરાના મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, વડોદરા.

**<u>નવો ક્રિમીનલ કેસ નંબર– ૩૫૨૧૧/૨૦૦૫</u>**
**<u>જુનો ક્રિમીનલ કેસ નંબર– ૧૦૫૬/૨૦૦૫</u>**

## આંક –૧ લગત હુકમ.

કેસનું રેકર્ડ અને પ્રોસીડીગ્સ ધ્યાને લીધા આ કામે આરોપીઓ સામે કંપનીઝ એક્ટ, ૧૯૫૬ ની કલમ–૧૬૬ મુજબની ફરીયાદ તા.૧૫/૦૭/૨૦૦૫ ના રોજ દાખલ કરેલ છે.

રેકર્ડ ધ્યાને લેતાં, સદર કામે આરોપી નં. ૨ અને ૩ તરફે વકીલશ્રી હાજર થયેલ છે જ્યારે ૧ અને ૪ તરફે આજદીન સુધી કોઈ હાજર થયેલ નથી. સદર કામે રેકર્ડ જોતાં, ફરીયાદ દાખલ કર્યા તારીખથી આજદીન સુધી ફરીયાદીએ હાજર રહી આગળની કોઈ કાર્યવાહી કરેલ નથી કે આરોપી નં. ૧ અને ૪ ને બજાવવાનો પણ કોઈ પ્રયત્ન કરેલ નથી. આમ, ફરીયાદીને સદર ફરીયાદ ચલાવવામાં કોઈ રસ હોય તેવુ જણાઈ આવતુ નથી. તપાસ કરનાર એજન્સીને અત્રેની કોર્ટ દ્વારા પ્રોસેસની બજવણી કરવા માટે પુરતી અને વ્યાજબી કહી શકાય તેવી તકો આપવામાં આવેલ છે આમ છતા વર્ષો ઉપરાંતના સમયથી તપાસ કરનાર એજન્સી આરોપીઓને કોર્ટ સમક્ષ રજુ રાખવામા સદંતર નિષ્ફળ નિવડેલ છે. એટલુ જ નહી તપાસ કરનાર એજન્સી પક્ષે આરોપીઓ વિરુધ્ધ સી.આર પી.સી કલમ ૮૧ થી ૮૩ સુધીના પ્રોસીડીંગ્સ કરવાની કોઈ દાદ આજદિન સુધી કરેલ નથી. આ તમામ હકીકત જોતા કેસ ઘણો જુનો છે આ કેસને એમના એમ રાખી મુકવામા આવે તો પણ કોઈ ફળદાયી પરીણામ મળવાની શકયતાઓ જણાતી આવતી નથી. આ તમામ હકીકત સાથે સી.આર.પી.સી ૨૫૮ ની જોગવાઈઓ ધ્યાને લેતાં, ફરીયાદ ઉપરથી હોય તે સિવાય માંડેલા કોઈ પણ સમન્સ કેસમા લેખિત કારણોની નોંધ કરી કોર્ટ ફેસલો સંભળાવ્યાં સિવાય કાર્યવાહીના કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ કરી શકે તેવી કાયદાકિય જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ વંચાણે લેતા હાથપરનો કેસ પણ સમન્સ ટ્રાયબલ છે.

આમ, ઉપરોક્ત હકીકત ધ્યાને લેતાં તથા કેસનું સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા, સદર કેસનો નિકાલ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાશે અને ડેડ વુડ કેસોનુ ભારણ પણ ઓછુ

થશે તેમજ પોલીસ મશીનરી યોગ્ય દીશામા કાર્યવાહી કરી શકશે આ તમામ બાબતો ધ્યાન સમક્ષ રાખી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેછે.

**હુકમ**

(૧) આરોપીઓ વિરુધ્ધ ઉપરોક્ત ફરમાવવામાં આવેલ ગુનાની કાર્યવાહી બંધ કરી આરોપીઓને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

(૨) સમયમર્યાદાની જોગવાઈને આધિન રહી અધિકૃત ઓથોરીટી સી.આર.પી.સી કલમ–૩૦૦(૫) મુજબ આરોપી સામે ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ તારીખ–૧૪, માહે–ડીસેમ્બર, સને– ૨૦૨૪ ના રોજ ની લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૪/૧૨/૨૦૨૪**
**મુ.વડોદરા.**

**(કુ.એ. એસ. શેખ)**
**ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,**
**વડોદરા.**
**કોડ નં. જીજે–૦૦૮૯૯**